# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ક્રોએશિયાની ઐતિહાસિક મુલાકાતે ઝાગરેબ પહોંચ્યા.**

2) **કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું છે કે, વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન હેઠળ દેશનાં 13 કરોડ 40 લાખ ખેડૂતોને આવરી લેવામાં આવ્યા.**

3) **15મી ઓગસ્ટથી ત્રણ હજાર રૂપિયાની કિંમતનો વાર્ષિક ફાસ્ટેગ પાસ શરૂ કરાશેઃ આ પાસ 200 ટ્રિપ્સ સુધી માન્ય રહેશે.**

4) **કેન્દ્રીય આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે જણાવ્યું કે, 2014માં આયુષ મંત્રાલયની રચના દ્વારા યોગનાં સંસ્થાકીયકરણમાં ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.**

5) **ઇઝરાયેલ અને ઇરાન વચ્ચે સામસામે સતત મિસાઇલમારો અને હવાઇ હૂમલાથી તંગદિલી વધી.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM CROATIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેનેડાની સફળ મુલાકાત બાદ ક્રોએશિયાની ઐતિહાસિક મુલાકાત પર જાગરેબ પહોંચ્યા છે. ફ્રાન્જો ટુડમેન એરપોર્ટ પર ક્રોએશિયાના પ્રધાનમંત્રી આન્દ્રેજ પ્લેનકોવિકે શ્રી મોદીનું સ્વાગત કર્યું હતું. ક્રોએશિયાના બાળકોએ નમસ્તે કરીને જ્યારે ક્રોએશિયાનાં આધ્યાત્મિક નાગરિકોએ વૈદિક મંત્રો સાથે શ્રી મોદીનું સ્વાગત કર્યું હતું. શ્રી મોદી ભારતીય મૂળનાં લોકો અને 'ક્રોએશિયન ફ્રેન્ડ ઓફ ઇન્ડિયા'ના સભ્યોને પણ મળ્યા હતા.

શ્રી મોદીની આ મુલાકાત વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવે તેવી અપેક્ષા છે. મુલાકાત દરમિયાન પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો, કેટલાંક મહત્વનાં ક્ષેત્રોમાં કરારો થવાની ધારણા છે. આ મુલાકાત દરમિયાન ભારત અને ક્રોએશિયા વિજ્ઞાન અને ટેકનોલોજી, કૃષિ, શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રોમાં મોટા કરારો પર હસ્તાક્ષર કરશે. ભારતનાં કોઈ પ્રધાનમંત્રી દ્વારા ક્રોએશિયાની આ પ્રથમ મુલાકાત છે.

ઉલ્લેખનીય છે કે, ત્રાસવાદ સામે ભારતનાં વલણ અને સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદમાં ભારતને કાયમી સ્થાન મુદ્દે ક્રોએશિયાએ સતત ભારતને સમર્થન કર્યું છે.

# SHIVRAJ SINH KRISHI SANKALP

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે ભારપૂર્વક જણાવ્યું છે કે, તાજેતરનાં વિક્સિત કૃષિ સંકલ્પ અભિયાન હેઠળ દેશનાં 1 લાખ 43 હજાર ગામડાંઓમાં 13 કરોડ 40 લાખ ખેડૂતોને આવરી લેવામાં આવ્યા હતા.

આજે નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા શ્રી ચૌહાણે જણાવ્યું કે, વિક્સિત કૃષિ સંકલ્પ અભિયાન હેઠળ 60 હજારથી વધુ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા, જેમાં આદિવાસી જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું.

(BYTE SHIVRAJ SINH CHAUHAN)

શ્રી ચૌહાણે જણાવ્યું કે, સરકારનું પ્રાથમિક ધ્યાન ખેડૂતોની આવક વધારવાનું અને ભારતને વિશ્વ માટેનું 'ફુડ બાસ્કેટ' બનાવવાનું છે. તેમણે જણાવ્યું કે, આ અભિયાન અટકશે નહીં અને ખેડૂતોની સમસ્યાનાં નિરાકરણ માટે વૈજ્ઞાનિકો ખેતરની મુલાકાત લેતા રહેશે.

# President defence capabilities

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જાહેર ક્ષેત્રના સાહસોને મજબૂત કરીને અને ખાનગી ક્ષેત્રની કુશળતાને એકીકૃત કરીને સંરક્ષણ ક્ષમતાઓ વધારવા પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે દેશ સ્વદેશીકરણના પ્રયાસોને વેગ આપી શકે છે અને સંરક્ષણ ઇકોસિસ્ટમમાં ખાનગી ઉદ્યોગોના એકીકરણ સાથે પોતાને વૈશ્વિક સંરક્ષણ ઉત્પાદન કેન્દ્ર તરીકે સ્થાપિત કરી શકે છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે ઇન્ડિયન કોર્પોરેટ લો સર્વિસ, ડિફેન્સ એરોનોટિકલ ક્વોલિટી એસ્યોરન્સ સર્વિસ અને સેન્ટ્રલ લેબર સર્વિસના પ્રોબેશનરોને મળ્યા હતા. રાષ્ટ્રપતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યારે અધિકારીઓ જાહેર સેવાની શરૂઆત કરતા હોય ત્યારે તેઓએ ધ્યાન રાખવું જોઈએ કે તેમના નિર્ણયો અને કાર્યો જીવનમાં પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે.

# FASTTAG-ANNUAL PASS

15મી ઓગસ્ટથી ત્રણ હજાર રૂપિયાની કિંમતનો ફાસ્ટેગ આધારિત વાર્ષિક પાસ શરૂ કરવામાં આવશે. આ સુવિધાને કારણે મુસાફરો દેશનાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર અવિરત અને ઓછા ખર્ચે મુસાફરી કરી શકશે.

આ વાર્ષિક પાસ સક્રિય થવાની તારીખથી એક વર્ષ માટે અથવા 200 ટ્રિપ્સ સુધી માન્ય રહેશે. આ પાસ ખાસ કરીને કાર, જીપ અને વાન જેવા બિનવ્યાવસાયિક ખાનગી વાહનો માટે તૈયાર કરવામાં આવ્યો છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આ જાહેરાત કરતા જણાવ્યું કે ધોરીમાર્ગ પર મુશ્કેલી વગરની મુસાફરીની દિશામાં આ પરિવર્તનકારી પગલું સાબિત થશે.

(BYTE NITIN GADKARI)

તેમણે ઉમેર્યું હતું કે, ટૂંક સમયમાં રાજમાર્ગ યાત્રા એપ પર તેમજ ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ અને માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયની સત્તાવાર વેબસાઇટ્સ પર આ યોજનાનાં સક્રિયકરણ અને નવીનીકરણ માટે સમર્પિત લિંક પૂરી પાડવામાં આવશે.

# JITENDRA SINGH-11 YEARS

કાર્મિક, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયના રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું છે કે સરકારે છેલ્લાં દસ વર્ષમાં બાકી રહેલી સરકારી ખાલી જગ્યાઓ ભરવા માટે નક્કર પગલાં લીધાં છે.

એનડીએ સરકારના 11 વર્ષ પૂર્ણ થવા પર પત્રકાર પરિષદને સંબોધતા ડોક્ટર સિંહે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લાં 11 વર્ષમાં જે વહીવટી સુધારા થયા છે તે માત્ર શાસન સુધી મર્યાદિત નથી પરંતુ તેની દૂરોગામી અસરો પણ છે. તેમણે કહ્યું હતું કે, ટેકનોલોજીનો લાભ લઈને જીવનની સરળતાને પ્રોત્સાહન આપવા માટે પગલાં લેવામાં આવ્યા છે.

(BYTE DR. JITENDRA SINGH)

આ પ્રસંગે ડોક્ટર સિંહે જણાવ્યું કે, યુનિફાઇડ પેન્શન સ્કીમ હેઠળ આવરી લેવાયેલા કેન્દ્ર સરકારના કર્મચારીઓ હવે સેન્ટ્રલ સિવિલ સર્વિસ રૂલ્સ, 2021 પ્રમાણે નિવૃત્તિ અને ગ્રેજ્યુઇટીનાં લાભ માટે પાત્ર બનશે

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# Kedarnath landslide

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ યાત્રા ટ્રેકિંગ માર્ગ પર જંગલચટ્ટી ઘાટ નજીક પર્વતની ટોચ પરથી મોટા પથ્થરો નીચે પડી જતાં ઓછામાં ઓછા બે લોકોના મોત થયા હતા અને એક મહિલા સહિત અન્ય ત્રણ લોકો ઘાયલ થયા હતા. એક વ્યક્તિ ગુમ છે.

બચાવ અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂસ્ખલને પગલે પથ્થરો માર્ગ પર તૂટી પડ્યા હતા જ્યાંથી, યાત્રાળુઓ અને પાલખીવાળાઓ પસાર થઈ રહ્યા હતા.

રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ અને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ તથા પોલિસની બચાવ ટીમો ઝડપથી ઘટના સ્થળ પર પહોંચી ગંભીર રીતે ઘાયલ બે યાત્રીઓને વધુ સારવાર માટે ગૌરીકુંડ હેલ્થ સેન્ટર ખસેડવામાં આવ્યા છે. હવામાન વિભાગે ઉત્તરાખંડમાં ભારે વરસાદ માટેનું ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે.

# PRATAPRAV JADHAV YOG

**11મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 21 જૂનનાં રોજ ઉજવવામાં આવશે. કેન્દ્રીય આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે વિશ્વભરમાં પરિવર્તનકારી આરોગ્ય અભ્યાસ તરીકે પ્રોત્સાહન આપવા માટે નરેન્દ્ર મોદી સરકારે સતત પ્રયત્નો કર્યા હોવાનું ભારપૂર્વક જણાવ્યું છે.**

**પ્રસ્તુત છે એક અહેવાલઃ**

(VOICE CAST ANIL PATEL)

*આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે આકાશવાણી સમાચાર સાથેની વિશેષ મુલાકાતમાં છેલ્લાં 11 વર્ષમાં સરકારની સિધ્ધિઓ અંગે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, 2014માં આયુષ મંત્રાલયની રચના દ્વારા યોગનાં સંસ્થાકીયકરણમાં ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.*

*શ્રી જાધવે કામકાજનાં સ્થળોએ વાય-બ્રેક જેવી અગ્રણી ટેકનોલોજી અંગે પણ વિગતવાર માહિતી આપી. વાય-બ્રેક એ વ્યાવસાયિકો માટે કાર્ય સંબધિત તણાવને દૂર કરવા માટે તૈયાર કરવામાં આવેલું પાંચ મિનિટનું નિર્દેશિત યોગ મોડ્યુલ છે.*

*આ વર્ષનાં યોગ દિવસની વિષયવસ્તુ છે- એક વિશ્વ, એક સ્વાસ્થ્ય માટે યોગ, જે એકતા અને સુખાકારીનો સંદેશ આપે છે.*

*અનિલ પટેલ, સમાચાર વિભાગ, આકાશવાણી અમદાવાદ*

# IRAN-ISRAEL

ઇઝરાયેલ અને ઇરાન વચ્ચેનો સંઘર્ષ છઠ્ઠા દિવસમાં પ્રવેશ્યો છે. બંને દેશો દ્વારા સતત મિસાઇલમારો અને હવાઇ હૂમલાથી પ્રાદેશિક સંઘર્ષ વધુ તીવ્ર બનવાની ભીતિ છે.

પ્રચંડ વિસ્ફોટોથી તેહરાન હચમચી ગયું હતું. ઇઝરાયેલે ઈરાનમાં પરમાણુ અને શસ્ત્રોના ઉત્પાદન સ્થળો પર હુમલાનો દાવો કર્યો હતો. ઈરાને ઈઝરાયેલ તરફ વધુ મિસાઈલો છોડ્યા બાદ આ હુમલા થયા હતા, જેમાં હાઇપરસોનિક ફતહ પ્રક્ષેપાસ્ત્રનો સમાવેશ થાય છે.

ઇઝરાયેલ ડિફેન્સ ફોર્સે જણાવ્યું કે, આ હૂમલામાં 50થી વધુ ફાઇટર વિમાનોએ ભાગ લીધો હતો. દરમિયાન ઇરાનના સર્વોચ્ચ નેતા અયોતોલ્લાહ ખામેનેઇએ ઇઝરાયેલને ચેતવણી આપતા જણાવ્યું કે, યુધ્ધ શરૂ થઈ ગયું છે અને ઇરાન ઇઝરાયેલ પ્રત્યે દયા નહીં દાખવે.

અગાઉ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઇરાનને સંપૂર્ણપણે શરણે આવવા જણાવ્યું હતું.